# રાજકીય પક્ષોમાં ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિવાદના રાજકારણનું પલ્લુ ભારે

ગાંધીનગર, તા. ૨૩

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થઈ ચુકી છે અને જાહેરનામુ પ્રસિદ્ધ થવાની આડે હવે ૧૦૦ કલાક જેટલો સમય બચ્યો છે ત્યારે જ્ઞાતિવાદ નહિની વાતો કરતા રાજકીય પક્ષો તેના ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિના સમીકરણોને જ અગ્રતા આપી રહ્યા છે.

ગુજરાતના બન્ને મુખ્ય સ્પર્ધકો ભાજપ-કોંગ્રેસના પ્રદેશ એકમો દ્વારા ઉમેદવારોની પેનલો તૈયાર કરી અને મોવડીમંડળને મોકલી આપી છે પરંતુ પહેલે આપ... પહેલા આપની નીતિમાં બન્ને સ્પર્ધક પક્ષોની વાતો જો અને તો ની વચ્ચે અટવાઈ પડી છે.

લોકોને એટલે જ જ્ઞાતિવાદથી પર ચૂંટણી લડાશે તેવી વાતો જ્યારે રાજકીય નેતાઓના ભાષણમાં કરે છે ત્યારે ગમતી નથી.

ખાસ કરીને ઉત્તર ગુજરાતની પાંચ અને સૌરાષ્ટ્રની ૬ થી વધુ બેઠકો જ્ઞાતિવાદી રાજકારણના ઉલટફેર માટે પસંદગીની પ્રક્રિયામાં અટવાઈ પડી હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

મહેસાણા, સાબરકાંઠા, પાટણ, બનાસકાંઠા, ખેડા જેવી બેઠકોનો સમાવેશ થાય છે. જ્યાં જ્ઞાતિવાદને આધારે જ ઉમેદવારની પસંદગી કરાશે તેમ મનાઈ રહી છે.

બનાસકાંઠામાં તો ભાજપના ચૌધરી સમાજના બે આગેવાનો શંકરભાઈ ચૌધરી અને પરબતભાઈ પટેલે જંગમાં ઝુકાવવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના ૧૫ ઉમેદવારો જાહેર

**૨૬માંથી ૧૪ સાંસદોને પુનઃ ટિકિટ અપાઈ : જ્યારે સુરેન્દ્રનગરની બેઠક પર નવા ચહેરા તરીકે મહેન્દ્રભાઈ મુજપરાને ટિકિટ અપાઈ : અગાઉ અમિત શાહની જાહેરાત થઈ ચૂકી છે : હવે ૧૦ બેઠકોની જાહેરાત બાકી**

ગાંધીનગર, તા.૨૩

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ લોકસભાની ચૂંટણી માટે ગુજરાત ભાજપના ૧૫ ઉમેદવારોની યાદી જાહેર કરી છે જેમાં ૧૪ સાંસદોને રિપીટ કરવામાં આવ્યા છે. બાકીના ૧૦ ઉમેદવારોની યાદી હવે પછી જાહેર કરવામાં આવશે.

પાર્ટીએ લોકસભાની ચૂંટણી માટે કુલ ૪૬ ઉમેદવારોની યાદી જાહેર કરી છે જેમાં ગુજરાતના ૧૫ ઉમેદવારો જાહેર કર્યા છે. આ અગાઉ પાર્ટીએ ગાંધીનગરની બેઠક પરથી વર્તમાન સાંસદ લાલકૃષ્ણ અડવાણીને કાપીને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને ટીકીટ આપી છે. ભાજપની યાદીમાં ૧૪ સિટીંગ સાંસદને ટીકીટ આપવામાં આવી છે જ્યારે સુરેન્દ્રનગરની બેઠક પરના ઉમેદવાર દેવજી ફતેપરાને પડતા મૂકીને તેમના સ્થાને મહેન્દ્ર મુજપરાને ટીકીટ આપવામાં આવી છે.

- કચ્છ- વિનોદ ચાવડા
- સબરકાંઠા- દિપસિંહ રાઠોડ
- અમદાવાદ વેસ્ટ- કિરિટ સોલંકી
- સુરેન્દ્રનગર - મહેન્દ્રભાઈ મુજપરા (નવા ઉમેદવાર)
- રાજકોટ- મોહનભાઈ કુંડારિયા
- જામનગર-પુનમબેન માડમ
- અમરેલી- નારણભાઈ કાછડિયા
- ભાવનગર- ભારતીબેન શિયાલ
- ખેડા- દેવુસિંહ ચૌહાણ
- દાહોદ- જસવંત સિંહ ભાભોર (કેન્દ્રીય મંત્રી)
- વડોદરા- રંજનબેન ભટ્ટ
- ભરૂચ- મનસુખ વસાવા
- બારડોલી- પ્રભૂભાઈ વસાવા
- નવસારી- સી.આર પાટીલ
- વલસાડ- કે.સી પટેલ

# અમિત શાહનો જંગી બહુમતીથી જીતાડવા માટે ઘરે ઘરે સંપર્ક અભિયાન

ગાંધીનગર તા ૨૩

લોકસભાની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. જયારે ભાજપ તેમજ કોંગ્રેસ દ્વારા ચુંટણીને અનુલક્ષી ઉમેદવારોના નામોની જાહેરાત પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે ગાંધીનગરની બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય નેતા અમિત શાહના નામની જાહેરાત બાદ પક્ષના કાર્યકરો તેમજ આગેવાનોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જયારે અમિત શાહને જંગી બહુમતીથી જોડાવવા માટે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ઘરે ઘરે સંપર્ક અભિયાનનો પ્રારંભ પણ કરી દેવાયો છે.

લોકસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહના નામની ગાંધીનગર બેઠક માટે જાહેરાત કરવામાં આવ્યા બાદ ભાજપના આગેવાનો તેમજ કાર્યકરોમાં હર્ષની લાગણી વ્યાપી છે. કાર્યકરોએ ફટાકડા ફોડીને આતંશબાજી કરી અમિત શાહની ઉમેદવારીને આવકારી છે. જયારે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા દરેક વોર્ડમાં ઘર ઘર સંપર્ક અભિયાનનો પણ પ્રારંભ કરી દેવાયો છે. વિસ્તારક યોજના અન્વયે આજે કાર્યકરોએ શહેરના વોર્ડ નં-૮ માં ઘરે ઘરે જઈને અમિત શાહને જંગી બહુમતીથી જીતાડવા માટે કાર્યકર્તાઓને અપીલ કરી હતી. આ તબક્કે મહાનગર ભાજપના આગેવાનોએ જણાંવ્યુ હતુ કે ગુજરાતમાં ૨૬ બેઠકો જીતાડી કેન્દ્રમાં ભાજપની સરકાર બનાવવા કાર્યકરો મહત્વનો ફાળો આપશે. જે અન્વયે તા ૨૩ થી ૩૦ માર્ચ દરમિયાન ઘર ઘર સંપર્ક

● અનુસંધાન પાન-૭ પર



## સાબરમતિ નદીના પટમાં ગેરકાયદેસર ટ્રેકટરમાં રેતી ભરાય છે

બોરીજ ગામની પાછળ સાબરમતિ નદીના તટમાંથી રેતી ચોરવાનું કૌંભાડ ચાલી રહ્યું છે. રેતી માફિયાઓને તંત્રનો ડર રહ્યો ના હોય તેમ બિન્દાસ ટ્રેકટર ભરીને આવન જાવન કરે છે. લીઝ વિના રોજ કેટલાય ટ્રેકટર રેતી ભરાઈને બારોબાર વેચાણ થાય છે. ત્યારે સરકારી સંપતિને નુકસાન પહોંચાડતા આવા રેતી માફિયાઓ સામે કાયદેસરની કાર્યવાહી તંત્ર દ્વારા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# શહેરની ફુટપાથ પર વન વિભાગની ફેન્સીંગના તુટેલા થાંભલા આડશ બન્યા

**શહેરના મુખ્યમાર્ગો સિવાય અન્ય માર્ગો આસપાસ પણ લોખંડની ફેન્સીંગનુ કામ હાથ ધરાય તે અનિવાર્ય**

ગાંધીનગર તા ૨૩

શહેરમાં વનતંત્ર દ્વારા મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં લોખંડની ફેન્સીંગ કરવામાં આવી છે. પરંતુ હજુ પણ શહેરના મુખ્યમાર્ગો સિવાય અન્ય ઠેકાણે વનઆરક્ષિત જગ્યાની આસપાસ સિમેન્ટના તુટેલા થાંભલા વોક વે પર આડશ બનતા નજરે પડે છે. જેના લીધે વનઆરક્ષિત જગ્યામાં ગમે ત્યારે રખડતા ઢોર તેમજ ગંદકીની સમસ્યા ઘેરાવો લે તેવી દહેશત છે.

ગાંધીનગરમાં વન આરક્ષિત જગ્યાની જાળવણી માટે વનતંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત જગ્યાને અનુલક્ષી નવી લોખંડની ફેન્સીંગ કરવામાં આવી છે. જયારે હાલ આ સિમેન્ટના થાંભલા ધરાવતી ફેન્સીંગના પોલ્સ નીચે પટકાયેલા જોવા મળે છે. જેના લીધે વનઆરક્ષિત જગ્યામાં દબાણ અને ગંદકીની સમસ્યા હલ કરવાની યોજના સાકાર થઈ શકે તેમ નથી. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાને અનુલક્ષી અગાઉ સિમેન્ટના થાંભલાવાળી ફેન્સીંગ કરવામાં આવી હતી. જયારે આ ફેન્સીંગના સિમેન્ટના થાંભલા તુટી જતા આ ઠેકાણે ગમે ત્યારે રખડતા ઢોર ઘુસી જવાની સાથે ગંદકી અને દબાણની સમસ્યા પણ પેચીદી બની હતી. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યામાં દબાણ અને ગંદકીની સમસ્યા દુર કરવા ઉપરાંત રોપાઓની જાળવણી માટે વનતંત્ર દ્વાર લોખંડની ફેન્સીંગ લગાવાની યોજના હાથ ધરવામાં આવી હતી.પરંતુ હજુ શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસની વન આરક્ષિત જગ્યામાં જ આ લોખંડની ફેન્સીંગ પુર્ણ કરવામાં આવી છે. જયારે અન્ય ઠેકાણે પણ આ પ્રકારની વ્યવસ્થા કરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી છે. પરંતુ હાલ જે ઠેકાણે સિમેન્ટના થાંભલાવાળી ફેન્સીંગ છે તેવા ઠેકાણે સિમેન્ટના પોલ્સ તુટી ગયેલી હાલતમાં છે. જેના લીધે તુટેલા થાંભલા વોક વે પર આડશ બનતા ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. બીજીતરફ વન આરક્ષિત જગ્યા ખુલ્લી થઈ જતા રખડતા ઢોર તેમજ દબાણકર્તાઓ ઘુસીને અડ્ડો જમાવે તેવો આક્રોશ પણ નગરજનો ઠાલવી રહ્યા છે.


**વેચાણ આપવાની છે V.I.P. પ્રોપર્ટીઝ**

**બંગ્લોઝ 4 BHK**

મેઈન રોડ ટચ. ૫૭૩ વાર પ્લોટ (કારપેટ) ૨૪૧ વાર બાંધકામ
એ-૬૨, હંસપુરા રેસીડેન્સી

**ઓફીસ**

(૧૦૦૦ સ્કે ફિટ) ૩૧૩, ગેલેક્ષી બિઝનેશ પાર્ક,
ટોરેન્ટ પાવર સામે, એસ.પી. રીંગ રોડ

**ફાર્મ હાઉસ**

નંદનવન ફાર્મ હાઉસ, ભાવડા
(૧) ૧૪૮૦ વાર (૨) ૮૦૦ વાર

**પેટ્રોલ પંપ**

(એસ્સાર પંપ + હોટલ + ગેસ્ટ હાઉસ) લાડવેલ, પાંખીયા હાઈવે

**9426407999 • 9426535777**


# ઝુંડાલમાંથી સ્વાઈન ફલુનો કેસ મળ્યો

**જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૪૯ થઈ, નોંધાયેલ દર્દીઓમાં ૫૦ ટકા કેસો મહિલા દર્દીના**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ એક કેસ સ્વાઈન ફલુનો મળી આવ્યો છે. આ સાથે સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૪૯ પર પહોંચી છે.

મળતી વિગતો મુજબ જિલ્લાના ઝુંડાલ ગામના ૭૫ વર્ષીય વૃદ્ધને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સના હુકમો જારી કરી દેવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પ્રભાવ ધીમી ગતિએ વધી રહ્યો છે અને હવે સ્વાઈન ફલુના કેસોમાં ઘટાડો થશે તેવુ તંત્ર માની રહેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ નવી સીઝનમાં સ્વાઈન ફલુથી એક પણ મૃત્યુ નોંધાયુ નથી તેવો તંત્રનો દાવો છે. ગઈકાલે આરોગ્ય સંકલન સમિતિની બેઠકમાં પણ સ્વાઈન ફલુના વધતા કેસો અને ડેથ ઓડિટના કિસ્સામાં ગંભીરતા લાવવાની ટકોર તંત્રને જિલ્લા વિકાસ અધિકારીએ કરી હતી.

આ વખતે સિઝનમાં મહિલા દર્દીઓની સંખ્યા નોંધાયેલા દર્દીઓમાં ૫૦ ટકાથી વધુ જણાઈ છે. જોકે મોટી ઉંમરના વૃદ્ધોની સંખ્યા પણ જોવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલ ૪૯ કેસ પૈકી ૪૬ દર્દીઓ સંપૂર્ણ રોગમુક્ત થઈ જતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે હાલ ૩ દર્દી વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.


THE LANDMARK
@ KUDASAN

शिवालय™ हरि GROUP



Rera No. PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/CAA04229/031218
www.gujrera.gujarat.gov.in

OFFICES | RETAIL

tps The Property Shop™
+91 70412 45341, 76000 99959
@ Landmark Cross Roads, Besides Nagraj Farm,
Opp. Kansar Restaurant, Kudasan, Gandhinagar


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com